# પહેરનારને જ ખબર હોય કે જોડો ક્યાં ડંખે છે

ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

‘પહેરનારને જ ખબર હોય કે જોડો ક્યાં ડંખે છે.’આ કહેવત આજની નવી પેઢીને ન સમજાય કારણ કે તેને જોડો ડંખ્યો નથી. જોડો એટલે બૂટ, શૂઝ, પગરખાં. જોડો કંઈ સાપ કે વીંછી નથી કે ડંખે. ડંખવું એ જોડાનો સ્વભાવ નથી. ડંખવું એ તો માણસનો સ્વભાવ છે. માણસ માણસને ડંખે છે પણ એક જોડો બીજા જોડાને ડંખ્યો હોય એવો દાખલો નથી. છતાં ઉપર મુજબની કહેવત છે કે ‘ જોડો ક્યાં ડંખે છે.’ અત્યારના જોડા તો એવા નમાલા છે કે ડંખી ય શકતા નથી એટલે કે અત્યારે એવા મજાના જોડા મળે છે કે (મજાના રૂપિયા ખર્ચો તો!) ક્યારેય ડંખતા નથી. સારા એવા પૈસા ખર્ચો તો મજબૂત છતાં એવા હળવાફૂલ જોડા મળે કે પગમાં પહેર્યા હોય તો ખબર પણ ન પડે પણ પહેલાંના જમાનામાં આવા ફૂટ-ફ્રેન્ડલી જોડા અસ્તિત્વમાં નહોતા.



અમારા ગામમાં ભોળાકાકા જોડા બનાવતા. તે એવા મજબૂત જોડા બનાવતા કે તે જોડાનો ગમે તેટલો ઉપયોગ કરો તો પણ એક વર્ષ સુધી તો તૂટે જ નહિ પણ અમારા પાડોશી એવા એક ખખડધજ વડીલને તે જોડા છ મહિના પણ ન ચાલતા. એક વાર ફક્ત ત્રણચાર મહિનામાં જ ખખડધજ વડીલશ્રી ભોળાકાકાને ત્યાં તૂટેલો જોડો સંધાવવા ગયા એટલે ભોળાકાકાએ ફરિયાદ કરી કે મારા બનાવેલ જોડા આખું વર્ષ ન તૂટે ને તમારે ચાર મહિનામાં કેમ તૂટી ગયા!? તમે કેટલીક દોડાદોડી કરો છો!? ત્યારે વડીલશ્રીએ કહ્યું કે દોડાદોડી તો સાવ ઓછી છે. ખાસ કરીને સાંજે થોડી ઘણી થાય. ભોળાકાકા કહે, “સાંજે કેમ?”

વડીલશ્રી કહે, “મારો છોકરો રખડવા નીકળી ગયો હોય અને જ્યાંત્યાં ટણકતો હોય ત્યારે તેને સાંજે ગોતવા જવો પડે. ગોતવા જાવ ત્યારે જો તે મને જોઈ જાય તો મુઠ્ઠીઓ વાળીને ભાગે એટલે તેને પકડવા માટે બહુ દોડવું પડે. ક્યારેક તેના પર જોડાનો છુટ્ટો ઘા કરીને પાડી દઉં, પછી પકડું અને પકડાયા પછી એ જ જોડા વડે પાછો મારી મારીને પાડી દઉં એટલે જોડા વહેલા તૂટી જાય છે.’’

અહીં દીકરા કરતાં જોડાને બમણો માર પડતો કારણ કે અહીં જોડાએ બેવડી ભૂમિકા અદા કરવી પડતી. દોડતી વખતે પગરખા તરીકેની અને સુપુત્ર પકડાય પછી ‘સાધન-એ- સજા’તરીકેની. જોકે આમ થવાથી દીકરો દિવસે દિવસે માર ખાઈ ખાઈને મજબૂત થતો જતો અને જોડા નબળા પડતા જતા. ભોળાકાકાએ આખી વાત સાંભળીને કહ્યું, “તો પછી છોકરાને ફટકારવાના સ્પેશ્યલ જોડા બનાવી દઉં. તમતમારે આખું વરસ વળગાડો તોય તૂટે નહીં.’’

આમ ઘણાના જોડા વહેલા તૂટવાનું કારણ અનોખું હોય છે.

અમે નવમું-દશમું ભણતાં ત્યારે નવા જોડા સિવડાવીને લાવવાનો ખૂબ આનંદ થતો પણ પછી તેમાં પગ નાખવાનો થતો ત્યારે કેટલીક વાર તો પગને અને જોડાને બાપે માર્યા વેર હોય તેવો અનુભવ થતો. નવા જોડા ય એવા કડક રહેતા કે પહેરનાર ઢીલો પડી જતો. આવા નવા જોડા એમનેમ પહેરીએ તો વડીલો કહેતા કે જોડાને સાતઆઠ દિવસ દાઝીયું તેલ લગાડો (‘દાઝીયું તેલ’એટલે તેલમાં વાનગીઓ બરાબર તળી લીધા પછી થોડું વધેલું દાઝેલું તેલ.) એટલે પછી કપડાનો નાનકડો ટુકડો તેલમાં ઝબોળી જોડાને અંદર અને બહારથી તેલમતેલ કરી મૂકવામાં આવતા. ધીમે ધીમે તે તેલ જોડાના હાડમાં ઊતરતું. રોજ સવારસાંજ બે વાર જોડાને તેલ લગાડવું પડતું. જોડા તે તેલ પી જતા પણ એમાં મોટો પ્રશ્ન એ થતો કે તેલવાળા જોડા કૂતરા ઉપાડી જતા. કૂતરા તો આપણા કહ્યામાં ન હોય. આપણે તેને કહી શકીએ નહિ કે તારે તેલ પીવું હોય તો વાટકો ભરીને પાઈ દઉં પણ મારા સ્વખર્ચે બનાવેલા જોડાનું તું અપહરણ ન કર. કૂતરાનું એવું કે તે બંને જોડા ઉપાડી જતા નથી, એક જ ઉપાડી જાય છે. એક જોડો ન એને કામ આવે કે ન આપણને! પણ કૂતરાઓને જોડાની જોડ ખંડિત કરવામાં જ રસ હોય છે. પછી આપણે જોડા વિરહમાં ઝૂરતા ઝૂરતા જોડાની શોધમાં નીકળવું પડે છે. નાનપણમાં પેલું ફિલ્મ ગીત ‘દો હંસો કા જોડા બિછડ ગયો રે’ સાંભળતો. ગીત ખૂબ ગમતું પણ એક વાર તેલ ચોપડેલું મારું નવું ચપ્પલ કૂતરા ઉપાડી ગયા ત્યારે આ ગીત સાંભળ્યું તો મને થયું કે ‘હંસોના જોડા’ય કૂતરા ઉપાડી જતા હશે!?(ગીતનો સાચો અર્થ મોટા થયા પછી સમજાયો.)

**કૂતરાનું એવું કે તે બંને જોડા ઉપાડી જતા નથી, એક જ ઉપાડી જાય છે. એક જોડો ન એને કામ આવે કે ન આપણને! પણ કૂતરાઓને જોડાની જોડ ખંડિત કરવામાં જ રસ હોય છે. પછી આપણે જોડા વિરહમાં ઝૂરતા ઝૂરતા જોડાની શોધમાં નીકળવું પડે છે**

આ રીતે પાંચ- સાત દિવસ તેલ પીને તરોતાજા થયેલા જોડા પહેરીને નીકળીએ એટલે પગમાં વાગે તો ઓછા પણ પંદર મિનિટ પહેરીને કાઢીએ એટલે જોડાએ પીધેલ તેલ આપણા પગે ચોંટે ને પગ પર કાળા ધાબા પડી જાય એટલે દર વખતે સાબુ લગાવી ઘસીને પગ ધોવા પડતા. વળી આ રીતે તેલથી તરબતર થયેલા જોડામાં મોજા (શોક્સ) પહેરી શકાતા નહીં એટલે ખુલ્લા પગમાં જોડા પહેરવા પડે. આટઆટલું કર્યા પછી ય એ જોડા પગને ક્યાંક તો ડંખે જ એટલે કે કોઈક જગ્યાએ પગની ચામડી છોલાઈ જતી અને જોડા કાઢીએ ત્યારે નોંધપાત્ર બળતરા થતી. તેથી ફરીથી જોડા પહેરવાની ઈચ્છા જ ન થાય પણ પહેર્યા વિના છૂટકો જ નહીં. નવાસવા જોડા થોડા દિવસ ડંખે છે. કદાચ એને ય આપણા પગ ડંખતા હોય એવું બને પણ થોડા દિવસ પછી બંને રીઢા થઈ જાય છે. જોડો ડંખતો હોય ત્યારે પણ જો કોઈ આપણા જોડા ચોરી જાય તો તે આપણને બહુ ડંખે એટલે જોડો પહેરીએ તો પણ ડંખે અને પહેરવા ન રહે તો પણ ડંખે.

પછી નવા જોડા પહેરીને નીકળીએ એટલે લોકો એવું વિચારે કે ‘વાહ પશાકાકા તો નવા જોડા પહેરીને કેવા ખુશ થાય છે.’ પણ જોડો ક્યાં ડંખે છે તેની સાચી ખબર તો પશાકાકાને જ હોય. જોડો ડંખતો હોવાથી કેટલાકની તો ચાલ બદલાઈ જાય. લાગતાવળગતા એવું ધારી બેસે કે તેમના ઘૂંટણના સાંધા દુખે છે અને જાતક મનોમન ગાતો હોય કે ‘તોબા યે મતવાલી ચાલ, છિલ જાયે પૈરો કી છાલ’હાડકાના સાંધાના દુખાવાને હિન્દીમાં ‘જોડો કા દર્દ’કહેવાય છે. અહીં ઉમેદવારને હિન્દી અને ગુજરાતી એમ બંને પ્રકારના જોડો કા દર્દનો અનુભવ થાય છે.

હું લગભગ સાતમું ધોરણ ભણતો ત્યારે મેં નવા બૂટ ખરીદવાની જીદ કરી. બાપુજીએ નવા બૂટ લઈ આપ્યા. ત્યારે મારા જૂના ચપ્પલ ખૂબ સારી હાલતમાં હતા પણ જેમ બહુપત્નીત્વના જમાનામાં જો કોઈ પતિ એક પત્ની હોવા છતાં નવી પરણી લાવે એટલે તરત જ નવી ‘માનીતી’અને જૂની ‘અણમાનીતી’થઈ જાય. એવું જ મારે જોડામાં થયું. પછી જૂના ચપ્પલ પડતા મૂક્યા અને તેલ ચોપડેલા નવા બૂટ પહેરવા લાગ્યો. બાબાપુજીએ ઘણું સમજાવ્યો, માફકસરનો ધમકાવ્યો ય ખરો કે હજુ જૂના ચપ્પલ પહેર. નવા બૂટ કોઈ સારા પ્રસંગમાં પહેરજે પણ આપણે કાંઈ એમ થોડા માનીએ. હું એકનો બે ન થયો અને નવા બૂટ પહેરીને મોજથી ફરવા લાગ્યો પણ મારી ખુશીનો અકાળે અંત આવ્યો. મારા મોટાબહેને માઠા સમાચાર આપ્યા કે કૂતરું તારું એક બૂટ ઉપાડી ગયું.’પછી તો મેં અને બહેને બૂટ બહુ શોધ્યું પણ બૂટના સગડ ન મળ્યા તે ન જ મળ્યા. મેં તો શેરીના સાતે સાત કૂતરાને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં પૂછી માર્યું. બેચાર સીધાસાદા કૂતરાઓને તો બે’ક પાટા ય મારી લીધા પછી પૂછ્યું પણ કૂતરાઓએ કોઈ નક્કર જવાબ આપ્યો નહીં. હું અને મોટીબહેન બંને બહુ દુ:ખી થયાં. પછી બહેને કહ્યું કે તું ત્રણચાર મહિના આ જૂના ચપ્પલમાં કાઢી નાખ પછી બાપુજીને કહીશ અને તને નવા બૂટ અપાવશે. છેવટે આપણે તો જૂના ચપ્પલ પહેરવા લાગ્યા. હું ઈચ્છતો હતો કે જૂના ચપ્પલની હાલત બહુ જલ્દી ખરાબ થાય પણ એમ થયું નહિ. છેવટે એક દિવસ જૂનું ચપ્પલ સાવ તૂટી ગયું. મેં બહેનને તૂટેલું ચપ્પલ બતાવી નવા બૂટ ખરીદવાની વાત કરી. બહેને કહ્યું, “ઊભો રે.’’પછી તે પાછળ વાડામાંથી બૂટની નવી જોડ લઈ આવ્યાં અને મને કહ્યું, “લે આ રહ્યા તારા બૂટ.” મેં કહ્યું, “...પણ એક બૂટ તો કૂતરું ઉપાડી ગયું’તું ને!”ત્યારે મોટી બહેને કહ્યું, “કૂતરું નહોતું ઉપાડી ગયું પણ મેં સંઘર્યું’તું. જો તને ત્યારે જ નવા બૂટ આપી દઈએ તો પછી તું જૂના ચપ્પલ કદી પહેરત જ નહીં એટલે મેં સંઘરી દીધું હતું. હવે સુખેથી પહેર. વિશેષમાં મોટી બહેને કહ્યું કે સીધી આંગળીએ ઘી ન નીકળે એટલે આ કારસો કરવો પડ્યો. કૂતરાને જરા બદનામ કરવું પડ્યું.” આમ ત્યારે એક સમયે એક જ જોડ બૂટચપ્પલનો જમાનો હતો પણ હવે જમાનો બદલાઈ ગયો છે અને જોડા ય બદલાઈ ગયા છે.

## -:: ગરમાગરમ ::-

બે મિત્રો બજારમાં ફરવા નીકળ્યા ત્યાં સામેથી બે સ્ત્રીઓ આવતી દેખાઈ. એક મિત્રે બીજા મિત્રને કહ્યું, “અરે મરી ગયો યાર, જો સામેથી મારી વાઈફ અને મારી ગર્લફ્રેન્ડ બંને સાથે આવી રહ્યાં છે. બીજા મિત્રે કહ્યું, “હું પણ એ જ કહેવાનો હતો!”